શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત



RNI NO. 6304 / 62

# પંચોલી નવયુગ

ફેબ્રુઆરી- ૨૦૧૫ અંક - ૨ વર્ષ : ૫૪ સળંગઅંક : ૪૧૯
માસિક કિંમત - ૧૦/- વાર્ષિક લવાજમ - ૧૦૦/-

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી

DesiComments.com

સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

# મંગલ પરિણય



## દિપેશ અને માનસી

મંગલ પરિણય તા : ૧૧/૧૨/૨૦૧૪

તાઃ ૧૧/૧૨/૨૦૧૪ ના શુભ દિવસે મંગલ પરિણય તરફ પ્રયાણ કરતા નવદંપતિને અમારા શુભ આશિર્વાદ સહ સુખી અને સમૃધ્ધ લગ્ન જીવનની હાર્દિક શુભકામનાઓ :

શ્રી દિપકભાઇ સન્મુખલાલ ગાંધી
અ.સૌ.તેજલબેન દિપકભાઇ ગાંધી
ગં.સ્વ.પદમાબેન ચંદુલાલ લાકડાવાલા
ગં.સ્વ. મંજુલાબેન ચંદુલાલ લાકડાવાલા
ચિ.ધ્રુમીલ દિપકભાઇ ગાંધી તથા
તથા સમસ્ત ગાંધી પરિવાર.
રહે : ૮/રોયલ ગાર્ડન રો હાઉસ,
સરીતા ડેરીની ગલીમાં,અડાજણ,
હનીપાર્ક રોડ, સુરત.
મો.૯૯૨૫૪ ૩૪૭૫૪

શ્રી અનુપભાઇ હરગોવિંદદાસ મિસ્ત્રી
અ.સૌ. ભારતીબેન અનુપભાઇ મિસ્ત્રી
શ્રી રિતેશભાઇ અનુપભાઇ મિસ્ત્રી
અ.સૌ. ભાવિકાબેન રિતેશભાઇ મિસ્ત્રી
ચિ. આર્યન રિતેશભાઇ મિસ્ત્રી તથા
સમસ્ત મિસ્ત્રી પરિવાર.
રહે : ૧૪૨/શંકરનગર સોસાયટી,
પાલનપુર પાટીયા, રાંદેર રોડ,
સુરત.
મો. ૯૯૨૫૧ ૬૧૪૮૯

ચિ. મૃદુતા - ચિ. પ્રતિક
તમો બન્ને લગ્ન-પરિણયના પવિત્ર બંધને બંધાઇ
લગ્નજીવનની કેડી પર ડગ માંડયા છે ત્યારે
તમારી લગ્નજીવનની કેડી સફળતાની અનેક વસંતોથી
મ્હોરી રહે... એજ શુભેચ્છા સહ શુભાશિષ
**હેમંત - ભારતી**

પ્રિય દીદી-જીજુ
તમારા જીવનમાં દુનિયાની તમામ ખુશીઓ
ખીલી રહે..... એજ હાર્દિક શુભેચ્છાઓ...... **શ્વેતા**

# મંગલ-પરિણય

## તા. ૧૨.૧૨.૨૦૧૪



હેમંત મિસ્ત્રી - ભારતી મિસ્ત્રી - ડૉ. શ્વેતા મિસ્ત્રી



**ચિ. મૃદુતા-ચિ. પ્રતિક**

# શ્રદ્ધાંજલી



**૭મી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી**

Lalitaben Chhaganlal (L.C.) Social Group

**એલ.સી. સોશ્યલ ગૃપ**

**આભાર... આભાર... આભાર ....**



**જીગર-કવિશ-ભાર્ગવી**

શ્રીમતિ ભાર્ગવી તથા શ્રી જીગર જીતેન્દ્ર મિસ્ત્રી (મુંબઇ) તરફથી સ્વ. નંદુબાની ૭મી પૂણ્યતિથિ નિમિત્તે રૂા. ૧,૦૦,૦૦૦/-નું માતબર દાન મળ્યુ. આ સાથે એમના તરફથી મળેલ કુલ દાન રૂા. ૩,૦૦,૦૦૦/- મળ્યા છે... એલ.સી. સોશ્યલ ગ્રુપ દાતાના આભારી છે....

ચિ. મૃદુતા - ચિ. પ્રતિકના શુભલગ્ન નિમિત્તે રૂા. ૨૧,૦૦૦/- હેમંતભાઇ મિસ્ત્રી ફેમીલી તરફથી મળ્યા છે.... આભાર

**: પ્રમુખ :**
શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી
Mo. : 99242 11022

**: મંત્રી :**
શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી
Mo. : 98250 81359

**: ખજાનચી :**
શ્રીમતિ ભારતી હેમંતકુમાર મિસ્ત્રી
Mo. : 97147 99022

૨૦૧, 'ગુરૂસ્મૃતિ' સોમનાથ મહાદેવ રોડ, સરગમ શોપિંગ સેન્ટર પાછળ, અથવાલાઈન્સ, સુરત ૩૯૫ ૦૦૭

# અક્ષરવાસી દીપક બાલકૃષ્ણ જરીવાલા

## ત્રીજી પુણ્યતિથિએ

## શ્રધ્ધાસુમન



**જન્મ : તા. ૩૦-૧-૧૯૬૦ અક્ષરવાસ : તા. ૯-૨-૨૦૧૨**

હંમેશા આપની સમાજ સેવાની સુવાસ અને સદ્દગુણોને યાદ કરી
આપના દિવ્ય આત્માને દ્વિતીય પૂણ્યતિથિએ
શ્રધ્ધાસુમન અર્પણ કરીએ છીએ.....

### અર્પણકર્તા

શ્રી બાલકૃષ્ણ સાકરલાલ જરીવાલા(પિતા) શ્રીમતિ પુષ્પાબેન બી. જરીવાલા(માતા)
ગં.સ્વ. યુતિબેન દિપકભાઇ જરીવાલા (પત્ની) પ્રાયોશા દિપકભાઇ જરીવાલા(પુત્રી)
શ્રી પ્રિયવ્રત ડી. જરીવાલા(પુત્ર) શ્રીમતિ ઝેનીતા પી. જરીવાલા (પુત્રવધૂ)
ચિ. ધર્માંગ પ્રિયવ્રત જરીવાલા (પૌત્ર)
શ્રી યોગેશભાઇ બી. જરીવાલા (ભાઇ) શ્રીમતિ અર્ચનાબેન વાય. જરીવાલા (ભાભી)
શ્રી મનિષભાઇ બી. જરીવાલા (ભાઇ) શ્રીમતિ રશ્મીબેન એમ. જરીવાલા (ભાભી)
શ્રી રાજનભાઇ ટી. મિસ્ત્રી (બનેવી) શ્રીમતિ રેખાબેન આર. મિસ્ત્રી (બેન)
રીશીતા-સનીષકુમાર, હેમિલ, રૂત્વન, વિકાસ, ઓનિલ-શિલ્પા, અવની
તથા સમસ્ત યોગીરાજ ડેવલોપર્સ પરિવાર

**નિવાસસ્થાન** ગોલ્ડન પાર્ક, ભગવતી આશિષની સામે, અશોક પાન સેન્ટર પાસે,
સીટી લાઇટ, સુરત ફોન : ૦૨૬૧ - ૨૨૧૨૩૮૩



*Jay Swaminarayan*



## *With Blessing of*
## *H.D.H. Hariprasadswami*



### *Jay Pancholi*
### *as achieved Bachelor of Computing system from Uni tec Newzealand*

## *Best wishes from :-*





Late Chunilal Nanubhai Pancholi(G.Father)
Late Nankorben Chunilal Pancholi(G.Maother)
Deepak Chulilal Pancholi (Father)
Sangita Deepak Pancholi (Mother)
Light Bazar, Navapur
Ph. 02569-251025 Mo. : 093253 70825



# સમાજપિતા
# સ્વ. છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રીને
# ૩૮મી પૂણ્યતીથીએ ભાવાંજલિ



સ્વ. છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રી

જન્મ : ૨૩.૧.૧૯૨૧

અવસાન : ૧૦.૨.૧૯૭૭

॥ સ્વેન ક્રતુના સંવેદત : ॥

મનુષ્ય પોતાના કર્મ દ્વારા બોલે...

કેવળ વાતો ન કરે....

પરંતુ કર્મ કરીને બતાવે...

**અર્પણકર્તા**

**સ્વ. સી. ટી. સ્મારકનિધિ**

# હાર્દિક શુભેચ્છાઓ..

## ગોલ્ડન જ્યુબીલી મેરેજ એનીવર્સરી



શ્રી હરકિશનભાઈ ગાંડાભાઈ પંચોલી
શ્રીમતિ વીરમતીબેન હરકિશનભાઈ પંચોલી
મેરેજ તા. ૬.૨.૧૯૬૫

## પરિણયની પગદંડી પર



પ્રિયંકા - કમલ
મેરેજ તા. ૧૫.૧૨.૨૦૧૪

## શુભેચ્છક

શ્રી કિર્તીકુમાર હરકિશનભાઈ પંચોલી
શ્રીમતિ ગીતાબેન કિર્તીકુમાર પંચોલી
ચિ. હર્ષ કિર્તિકુમાર પંચોલી

શ્રી રાજેશકુમાર હરકિશનભાઈ પંચોલી
શ્રીમતિ અલ્પાબેન રાજેશકુમાર પંચોલી
ચિ. ગૌરાંગ રાજેશકુમાર પંચોલી

# " પ્રગતિ પંથે-નારી "



ડાયસ પર બિરાજમાન મહાનુભાવો તથા પ્રાર્થના કરતી પ્રગતિ મહિલા મંડળની બહેનો



દિપ પ્રાકટ્ય



વિવિધ મહિલા મંડળોના પ્રમુખ દ્વારા દીપ પ્રાકટ્ય



સમારંભ પ્રમુખશ્રીનું અભિવાદન



ગણેશ વંદના-વ્યારાની બાલિકાઓ



આમંત્રિત - સ્પોન્સરો - પ્રેક્ષકગણ -



શુભારંભ-વ્યારાની બાલિકાઓ



સરસ્વતીબેનનું મનનીય પ્રવચન



બેસ્ટ મહિલામંડળ વ્યારા એવોર્ડ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

જાન્યુઆરી-૨૦૧૫

# પંચોલી નવયુગ

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

**પ્રકાશનનું સ્થળ**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેધા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક

પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર

માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૬,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૦૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| કલર પેજ ફક્ત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૨૦૦/- |
| અડધુ પેજ | ₹ ૬૦૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૬૫૦/- |
| પા પેજ | ₹ ૩૦૦/- |
| પા પેજ એક ફોટા સાથે | ₹ ૩૫૦/- |

(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક** ₹ ૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક** ₹ ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક કિંમત** | - ૧૦/- |
| **વાર્ષિક લવાજમ** | - ૧૦૦/- |

# તંત્રીનોંધ......

સુજ્ઞ જ્ઞાતિજનો...

કુશળ હશો.....

વસંતનું આગમન થતાં આપણે વસંતના વધામણા કરીએ.. પૃથ્વી પણ વસંતના વધામણા કરવા સુંદર ફુલોથી સજીધજીને આવકારે છે... કોયલ પણ એના ટહૂકાથી એના આગમનની છડી પુકારે છે.. તો આપણે પણ વસંતના વધામણા કરીએ અને ફુલોની જેમ ફોરમતા રહીએ.... સુગંધોની રસલ્હાણ કરતા રહીએ... એકબીજાના મનમાં વસતાં રહીએ... અને જરૂરીઆતમંદોને મદદ કરતાં રહીએ....

વિવિધ એકમો 'સ્વર્ણિમ ફંડ' માં પોતાનું યોગદાન આપી રહ્યા છે.. હમણાં બારડોલી મુકામે યોજાયેલ વાર્ષિક કાર્યક્રમમાં પણ સારું એવું ફંડ મળ્યું છે.. બીલીમોરા લગ્ન પ્રસંગમાં પણ ફંડ મળ્યું છે.... આપણે ફંડ વિશેની વાતો કરતા રહીએ તો કોઈકના દિલમાં પણ આપવાની ભાવના જાગે... આપણે પાંચને વાત કરીશું તો છેલ્લે બે વ્યકિતઓ પાસેથી અવશ્ય દાન મળશે જ... પ્રયત્નો ચાલુ રાખો...

નવયુગ ની શરૂઆત થઈ ત્યારે નવયુગ દરેક ગામમાં મોકલતા હતા અને ત્યાંથી ગામમાં બધાને મળી જતા હતાં... ત્યારબાદ પ્રગતિ થઈ અને દરેકને ઘર બેઠા નવયુગ મળતા થયા... રેગ્યુલર... ફરી પાછી પરિસ્થિતિમાં સુધારો આવ્યો અને ફરી નવયુગ એકમમાં એક જગ્યાએ મોકલવામાં આવે છે અને ત્યાંથી દરેક જ્ઞાતિજનોને નવયુગ નિયમિત મળી જાય છે... નવયુગ ઘરે ઘર પહોંચાડનાર સેવાભાવી કાર્ય કરોનો હું આભારી છું.... એવા બીલીમોરાના શોભાબેન-કિશોરભાઈ, નવસારીના સમીરભાઈ, રાજપીપલાના સુરેશભાઈ જે શિનોર, બરકાલ, ચાંદોદ સુધી પહોંચાડે છે. સંખેડા-બહાદરપુરના ચંદ્રકાંતભાઈ, બોડેલીના કમલેશભાઈ, પાવી જેતપુરના કનુભાઈ, છોટાઉદેપુરના વિઠ્ઠલભાઈ, કવાંટના બિપીનભાઈ, પાનવડના જયપ્રકાશભાઈ, નસવાડી-ગઢબોરીયાદના ચંપકભાઈ, જબુગામના કિશનભાઈ જેઓ હેન્ડડીલીવરીથી જ્ઞાતિજનોને નવયુગ પહોંચાડે છે... મારી વિનંતીને માન આપી મુંબઈ-મીરારોડના નવયુગ જીતેન્દ્રભાઈ મિસ્ત્રી તથા સુરત પંચના હેમંતભાઈ મિસ્ત્રીએ સંમતિ આપી કામગીરી ચાલુ કરી દીધી છે... એ બદલ એઓનો ખૂબ ખૂબ આભારી છું...

રહી વાત નવયુગ ન મળવાની..... તપાસ કરતા વિશેષ માહિતી મળી છે કે ટપાલ વહેંચવાનો સ્ટાફ ઓછો પડે છે અને દિવસે દિવસે દરેક ગામ અને શહેરનો વિસ્તાર વધતો જાય છે... એમાં સ્પીડ પોષ્ટની કામગીરી પણ હોય છે... જેને પ્રથમ પ્રાધાન્ય આપવાનું હોય છે... ત્યારપછી આપણા નવયુનો વારો આવે એની પરિસ્થિતિ શું હોય એ આપ કલ્પી શકો છો... આથી આપને કોઈવાર નવયુગ મળે છે અને કોઈવાર નથી મળતું... બાકી દરેક જ્ઞાતિજનોને એકસાથે નવયુગ અંકલેશ્વરની પોષ્ટ ઓફિસમાંથી રવાના કરવામાં આવે જ છે.. જેની નોંધ લેશો...... અસ્તુ

# પ્રમુખ નોંધ......

મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ-શ્રી પં.સે.સ. મહામંડળ

વ્હાલા જ્ઞાતિજનો,

સૌ જ્ઞાતિજનોને નવા વર્ષ-૨૦૧૫ ની હાર્દિક શુભ કામનાઓ ૨૦૧૫નું વર્ષ સૌ જ્ઞાતિજનો માટે પ્રગતિમય, સુખમય અને સમૃધ્ધિમય નિવડે એવી પ્રભુને પ્રાર્થના.

તા. ૧૧:૦૧:૨૦૧૫ નાં રોજ સુરત મુકામે મહામંડળની કારોબારી સભા મળી જેમાં મુખ્યત્વે પ્રાથમિક શિક્ષણ ધોરણ - ૧૨ સુધીની શૈક્ષણિક સહાય તથા અન્ય પ્રવૃતિઓ સી.ટી. સ્મારક નિધિના હેઠળ કરવાનું તથા ઉચ્ચ શિક્ષણ માટે શૈક્ષણિક સહાય મહામંડળ હેઠળ ચુકવવાનું નક્કી કરવામાં આવ્યું.

મુંબઇનાં શ્રી કિરણભાઇ એમ.મિસ્ત્રી ના માતૃશ્રી તથા પિતૃશ્રીના સ્મણાર્થે શૈક્ષણિક ફંડ આપવાનો પત્ર વંચાણે લેવામાં આવ્યો અને ચર્ચાના અંતે દાતાશ્રી ને પત્ર લખવાનું નક્કી કરવામાં આવ્યું. મહામંડળ ધ્વારા વિવિધ મુદ્દાઓ પર ચિંતન કરવા માટે મુદ્દાઓ સભા સમક્ષ રજુ કરવામાં આવ્યા. ખુબ જ સુંદર વાતાવરણમાં દરેક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી. સુરત એકમ ધ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યુ સુરત એકમને મહામંડળ તરફથી કારોબારી સભાના ખર્ચ માટે દાન આપવાની જાહેરાત કરી પરંતુ સુરત એકમે દાનની રકમ સમાજના અન્ય કામો માટે મહામંડળને પરત કરી સુરત એકમનાં પ્રમુખશ્રી હેમંતભાઇ મિસ્ત્રી તથા ટીમ સુરતનાં કાર્યકરોનો હાર્દિક અભાર માનુ છું.

સને. ૨૦૧૫ નાં વર્ષમાં મહિલા મંડળ માટે વિવિધ કાર્યક્રમોની જાહેરાત આ નવયુગમાં કરવામાં આવી છે દરેક એકમની મહિલા મંડળો ધ્વારા પ્રવૃતિઓ કરવામાં આવે એવી આશાઓ રાખુ છું. દરેક એકમોમાં મહિલા મંડળ ધ્વારા મહિલા બચત યોજના શરૂ થાય તે પ્રમાણેની કાર્યવાહી કરવા મહિલા મંડળનાં હોદ્દેદારોને વિનંતી કરૂ છું. આ વર્ષે મોટા ભાગનાં સામાજિક કાર્યો મહિલા મંડળ ધ્વારા કરાવવાનું આયોજન કરેલ છે આશા રાખુ છું કે, મહિલા મંડળના દરેક સભ્યોનો સાથ- સહકાર મળશે.

યુવાનો માટે ક્રિકેટ સ્પર્ધાનું આયોજન રાજપીપળા મુકામે થાય એ માટે ફરી વિનંતી કરી છે. આપણે ક્રિકેટ સ્પર્ધામાં ભાઇઓ અને બહેનોની ટીમ પણ બનાવીને ક્રિકેટ રમી શકયે. પુરતો સહકાર યુવાનો ધ્વારા પણ મળશે.

ઘણા એકમો માંથી સ્વર્ણિમ ફંડ માં સહકાર પ્રાપ્ત થયો નથી ફરી હું દરેક એકમનાં પ્રમુખ-મંત્રીશ્રીને વિનંતી કરૂ છું કે, સ્વર્ણિમ ફંડમાં આપણા એકમનાં એક ઘર દીઠ રૂા. ૧૦૦૦/- નું સ્વર્ણિમ ફંડ માં દાન પ્રાપ્ત થાય એવુ અયોજન હાથ ધરશો. આપણા કુટુંબનાં આશરે ૧૭૦૦ જેટલા કુટુંબો છે વાર્ષિક રૂા. ૧૦૦૦/-નું દાન પ્રાપ્ત થાય તો વર્ષા રૂા. ૧૭લાખ નું દાન મેળવી શકીએ. મિત્રો આપણું સ્વર્ણિમ ફંડનું દાન બેંક ઓફ બરોડાના ખાતા નં. 02690100010065 IFC CODE. BARBO VYARAX માં જમા કરાવી અમોને જાણ કરશો. આ સ્વર્ણિમ ફંડ માં દરેક મિત્રો નો સહયોગ પ્રાપ્ત થાય એવી આશા રાખુ છું. યુવાન મિત્રો પણ આ ફંડમાં સહયોગ આપે મહિલા મંડળ તથા સ્વયં ગૃપ નાં સભ્યો પણ આ સ્વર્ણિમ ફંડમાં સહયોગ આપે એવી વિનંતી કરૂ છું.

જે એકમોમાં સ્વયં ગૃપની સ્થાપના કરવામાં આવી નથી તે એકમોનાં હોદ્દેદારો પણ પોતાના એકમમાં સ્વયં ગૃપ ની રચના કરે એવી વિનંતી કરૂ છું.

પાલ વિભાગમાં અધિવેશન કરવા માટે પાલ વિભાગ ના કાર્યકરો / મિત્રો / બહેનો / યુવાનો આગળ આવે અને અધિવેશનનાં આયોજન ને આગળ વધાવે એવું આયોજન હાથ ધરવા માટે વિનંતી કરૂ છું.

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
**014710003655 IFSC code Bkdn 0210147**
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે વ્યારા શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.
**02690100010065 IFC Code BARBO VYARAX**
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી - મનિષભાઇ એમ. પંચોલી-વ્યારા

સત્કૈવલ સાહેબ

# શ્રદ્ધાંજલી



## સ્વ. વિનોદભાઈ હરકીશનદાસ પંચોલી

**જન્મ તા. ૨.૦૩.૧૯૫૨-આફ્રિકા-નૈરોબી   દેહવિલય : ૧૭.૧૨.૨૦૧૩**

મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે.
મરે છે માનવી પોતે માનવીનું કામ જીવે છે.
થયો નથી મારા દિલને વિશ્વાસ, તમો આજ નથી અમારી પાસ.
ઘરના દરેક ખૂણે તમારી સુવાસ છે. દિલની હર ધડકનમાં તમારો વાસ છે.
સદ્દગુરુ કરુણાસાગર મહારાજ આપના આત્માને એમના ચરણોમાં સ્થાન આપી
કૈવલધામનું સુખ આપે એવી અમારી અંતઃકરણથી પ્રાર્થના....

### અર્પણકર્તા

ગં.સ્વ. અંજનાબેન(આશા) વિનોદભાઈ પંચોલી

ગં.સ્વ. વનિતાબેન હરકિશનદાસ પંચોલી   શ્રીમતિ મીનાબેન પંચોલી અને ફેમીલી
શ્રી યોગેશભાઈ હરકિશનદાસ પંચોલી   શ્રીમતિ ભારતીબેન પંચોલી અને ફેમીલી

20, WESTBOURNE ST. LEICESTER (U.K.)



સ્વ. નિર્મળા(નીરૂ)બેન
ધનસુખલાલ પંચોલી
સ્વર્ગવાસ : ૪. ૧. ૨૦૧૫

## શ્રધ્ધાંજલી

ખરેખર 'મા' આજે પણ તમારા વ્હાલના
દરિયા સમી તમારી દિકરીઓ સતત હૂફ ઝંખે છે.
'દિકરા' અને 'બેટા' જેવા શબ્દો સાંભળવા
અમારા કાન તલસી રહ્યા છે.
પ્રેમાળ અને સદા હસતો ચહેરો
આજે પણ આંખની સમક્ષ તરતો રહે છે,
સાથે એ હૃદયમાં હજી પણ એવો ને એવો અકબંધ છે.
તમારા પ્રેમાળ અને સ્નેહભર્યા સ્પર્શને ઝંખતી
તમારી વ્હાલના દરિયા સમી દિકરીઓ

શ્રીમતિ ભારતીબેન અનુપભાઇ મિસ્ત્રી
શ્રીમતિ ભાવિકા અને શ્રી રીતેશ એ. મિસ્ત્રી
શ્રીમતિ માનસી અને શ્રી દિપેશ એ. મિસ્ત્રી

શ્રીમતિ રક્ષાબેન કમલેશભાઇ જરીવાલા
શ્રીમતિ અર્પણા અને શ્રી કૃણાલ કમલેશભાઇ જરીવાલા
શ્રીમતિ ધુતિ(ધર્મિષ્ઠા) અને શ્રી રૂષભ કમલેશભાઇ જરીવાલા

શ્રીમતિ કિરણબેન દિપકભાઇ ઝવેરી
શ્રી નીખિલ સ્દપકભાઇ ઝવેરી
શ્રીમતિ ધારા હાર્દિકકુમાર પંચોલી

ખોડિયારકૃપા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, કૃષ્ણકુંજ સોસાયટી,
બી.એસ.એન.એલ. ઓફિસ પાછળ, પાલનપુર પાટીયા, સુરત

## Shaadi.com



Name : Amit Pancholi
Father/Mother : Dhirajbhai/Jayshreeben
Sibling : No
Residence : 32, Sandhyavandan So, Palanpur Jakatnaka, Surat
Education : BE (Electrical)
DOB : 17/09/1989
Job : Software Engineer at TechMahindra,Pune
Height : 5.11"
Mangal/Shani : No
Mobile No : (Dhirajbhai):9377525615
Email : amitdpancholi@gmail.com

## શ્રધ્ધાંજલી



સ્વ. જશોદાબેન સાકરલાલ પંચોલી
જન્મ તા. ૨૩.૧.૧૯૩૬ સ્વ. તા. ૧૪.૧૨.૨૦૧૪

આપના સમૃદ્ધ આદર્શો, અથાગ પરિશ્રમ, સાદગીભર્યુ જીવન,
પરોપકારી સેવાભાવી સ્વભાવ તથા સચ્ચાઈ, અમારા પ્રેરણા
સ્ત્રોત બની રહ્યા છે ને રહેશે
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમશાંતિ આપે
એજ પરિવારની પ્રાર્થના
અર્પણકર્તા
ગં.સ્વ. ધર્મિષ્ઠાબેન બાલમુકુંદ પંચોલી
શ્રી વિનોદભાઈ સાકરલાલ પંચોલી
શ્રી સાકરલાલ જગજીવનદાસ પંચોલી તથા સહ પરિવાર
નવાપુર

# ગોલ્ડન જયુબીલી મેરેજ એનીવર્સરી



**શ્રીમતિ સુશીલાબેન રમેશચંદ્ર મિસ્ત્રી**
**શ્રી રમેશચંદ્ર ઉત્તમરામ મિસ્ત્રી**
**તા. ૮.૨.૧૯૬૫**

**હાર્દિક શુભેચ્છાઓ...**

શ્રી રાકેશ રમેશચંદ્ર મિસ્ત્રી
શ્રીમતિ જાગૃતિ રમેશચંદ્ર મિસ્ત્રી
ચિ. રોહન રાકેશ મિસ્ત્રી
**ઘર :** ૧૦/બી, ૧૪/૩૦૨, શાંતીનગર,
મીરારોડ(ઈ) ડિ. થાણા-૪૦૧૧૦૭
મો. ૯૯૩૦૫ ૭૭૨૩૫
**કલા મેડિકલ એન્ડ જનરલ સ્ટોર**
સેક્ટર-૨, સોપ નં. ૧૦/૮-૩૯,
શાંતીનગર, મીરારોડ(ઈ) ડિ. થાણા-૪૦૧૧૦૭
મો. ૯૮૨૦૩ ૭૦૯૫૬/૯૮૨૦૬ ૧૧૭૪૦

શ્રીમતિ અનુરાધા ચેતનકુમાર કાપડિયા
શ્રીમતિ કૃપા તુષાર મિસ્ત્રી
કુ. ધર્મી ચેતનભાઈ કાપડિયા

શ્રીમતિ મમતા અમરીશકુમાર વડોદરીયા
ચિ. હર્ષિલ અમરીશ વડોદરીયા
ચિ. કુશલ અમરીશ વડોદરીયા

# ગોલ્ડન જયુબીલી મેરેજ એનીવર્સરી



**શ્રીમતિ દિવ્યાબેન જયંતિભાઈ મિસ્ત્રી**
**શ્રી જયંતિલાલ મંગુભાઈ મિસ્ત્રી**
**તા. ૮.૨.૧૯૬૫**

**હાર્દિક શુભેચ્છાઓ...**

શ્રી રશ્મીન જયંતિલાલ મિસ્ત્રી
શ્રીમતિ પ્રભાબેન રશ્મીન મિસ્ત્રી
ચિ. વત્સલ રશ્મીન મિસ્ત્રી
શ્રીમતિ સોનલ સુનિલકુમાર પંચોલી
સ્વ. ધર્મેન્દ્રભાઈ જયંતિલાલ મિસ્ત્રી

૭૩, ભંડારી સ્ટ્રીટ, ૪થે માળે,
રૂમ નં. ૪૫, ગોળદેવળની સામે,
મુંબઈ - ૪૦૦ ૦૦૪
ફોન : ૦૨૨ - ૨૩૮૯ ૫૧૯૩
મો. : ૯૮૩૩૩ ૬૯૩૯૪

# Congratulations.....To
# Ankit & Priya



Ankit & Priya

Many Congratulations
& Good Wishes
For
First Marriage Anniversary
on 17-2-2015
&
Born for a baby boy
Panth
on 16-12-2014
From



Chi. Panth

Urvashi A. Pancholi
Dhruti A. Pancholi
Vyara

Yogesh B. Mistry
Nita Y. Mistry
Surat

---

શ્રી દત્ત જયશ્રી કૃષ્ણ શ્રી દત્ત

નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ



સ્વ. મણીબેન મુળજીભાઈ પંચોલી પરિવાર
સ્વ. પંચોલી અ.સૌ. રતિકાંતાબેન સુમનભાઈ
તા. ૧૫.૭.૨૦૦૦ ૧૫મી પૂણ્યતિથિ
શિતલબેન રાકેશકુમાર પટવા-સુરત
કામીનીબેન જયેશકુમાર લાકડાવાલા-સુરત
સોનલબેન કૌશલકુમાર પંચોલી-વડોદરા
મનિષા કુંતલકુમાર પંચોલી-વડોદરા
તેજલબેન ગજેન્દ્રકુમાર પંચોલી-ભાટપુર
ચિ. ધ્રુવિલ-કુંજ-ઋષિ-પવિત્રા-વિહા-હર-ક્રિશ-યક્ષ
અમારા દાદીજીને સૌ ભુલકાઓના જયશ્રી કૃષ્ણ
દોલતબજાર, શિવ-શકિતધામ સામે, રાજપીપલા, જિ. નર્મદા
મો. : ૯૩૨૭૧ ૬૭૪૧૧

---

# મેરેજ એનીવર્સરી



શ્રી અનિલકુમાર ઉત્તમરામ મારફતિઆ
શ્રીમતિ વાસંતીબેન અનીલકુમાર મારફતીઆ
મેરેજ તા. ૮ ફેબ્રુઆરી ૧૯૭૩
(વસંત પંચમી)

બી-૨૮, શ્રી કૃષ્ણવીલા, સરિતાદર્શન સોસાયટી,
ગેટ-વે હોટલની બાજુમાં પાર્લે પોઈન્ટ,
સુરત-૩૯૫૦૦૭

# શ્રદ્ધાંજલી



**સ્વ. ભરતભાઈ રમણીકલાલ ગાંધી**

જન્મ તા. ૨૧.૧૧.૧૯૫૨ સ્વ. તા. ૧૬.૧.૨૦૧૫

સુખને છલકાવ્યું નહી, દુઃખને દેખાડ્યું નહી, ધુપસળીની માફક જીવન જીવી સુગંધ ફેલાવી,
આપના અથાક પરિશ્રમે અમારા જીવન ઉજાળ્યા, જીવનભર મહેનત કરી દુઃખના દરિયા વેઠી,
સૌને સુખ સાગરમાં તરતાં મૂકી ગયા....
આપના મિલનસાર અને નિખાલસ સ્વભાવનો અમૂલ્ય વારસો અમે કદી ભુલી શકીએ તેમ નથી,
તમારો નિઃસ્વાર્થ પ્રેમ યાદ કરતા આંખો અશ્રુ સારે છે......
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી
અમારા સૌની પ્રાર્થના સહ હૃદયાંજલી....

ગં.સ્વ. ધનગૌરી રમણીકલાલ ગાંધી ગં.સ્વ. રમીલાબેન ભરતભાઈ ગાંધી
ડેનીશ ભરતભાઈ ગાંધી ધર્મીબેન ડેનીશ ગાંધી
જય ભરતભાઈ ગાંધી
રિનલ જીજ્ઞેશકુમાર પંચોલી જીજ્ઞેશકુમાર ભરતભાઈ પંચોલી
તથા સમસ્ત આ.કે.ગાંધી પરિવાર
મેઈનબજાર, વ્યારા. જિ. તાપી
મો. ૯૯૦૯૨ ૧૦૨૨૦

# હાર્દિક શુભેચ્છાઓ



**ચિ. હેમિલ - અ.સૌ. રચના**

તા. ૧૫.૨.૨૦૧૪ના રોજ ૧૪મી મેરેજ એનીવર્સરી
નિમિતે હાર્દિક શુભેચ્છાઓ....

**શુભેચ્છક**

સ્વ. મણીબા
બાબુભાઇ એચ. પંચોલી
જ્યોત્સનાબેન બી. પંચોલી
સુથારવાડ, અંકલેશ્વર
ફોન : ૦૨૬૪૬-૩૨૨૨૧૭
મો. : ૯૩૭૪૦ ૬૪૦૭૭, ૯૩૭૫૬૩૩૧૧૧

**સ્વ. અંબુદાદા - સ્વ. ગુલાબ બા**

મહેશભાઇ એ. મિસ્ત્રી હંસાબેન એમ. મિસ્ત્રી
ચિ. તુષાર એમ. મિસ્ત્રી
ચિ. જૈવિક
K-703,"Durvas" Opp. D'Mart,
Yeshwant Viva Township, Vasai,
Nalasopara, Link Road, Vasai(East) 401 209
Mo. +919321105674

# Shaadi.com



| | | |
|---|---|---|
| નામ | : | **રોશની** |
| જન્મ તા. | : | ૧૦.૦૧.૧૯૯૧ |
| જન્મ સ્થળ | : | છોટાઉદેપુર, જિ. છોટાઉદેપુર |
| જન્મ સમય | : | સવારે ૯ : ૩૫ કલાકે |
| ઉંચાઇ | : | ૫' - ૩'' |
| વજન | : | ૫૮ કિલો |
| અભ્યાસ | : | B.B.A., M.S.W. |
| સર્વિસ | : | વડોદરા-અલકાપુરી |
| પિતાનું નામ | : | દિપકભાઇ પરસોત્તમદાસ પંચોલી |
| નોકરી | : | મેનેજર સપ્લાઇ ચેન |
| માતાનું નામ | : | ભારતીબેન |
| નોકરી | : | ઘરકામ |
| મોબાઇલ નં. | : | 98791 09314 / 94275 90217 |
| ભાઇ | : | એક-ભાર્ગવ દિપક પંચોલી |
| અભ્યાસ | : | બી-ટેક(મીકેનિકલ) |
| બહેન | : | નથી |
| સરનામું | : | ૧૪, આત્મશ્રદ્ધા સોસાયટી-૨, સમીરપાર્ક નજીક, હાઇટેન્સન રોડ, સુભાનપુરા-વડોદરા ૩૯૦ ૦૨૩ |

# પંચોલી સેવા સમાજ મહામંડળ
# વાયબ્રન્ટ મહિલા મંડળ

સૌ પ્રથમ તો આપ સર્વે બહેનોનો ખુબ આભાર.

દુર દુર થી વ્યારા એકત્ર થયા અને મહિલા સંમેલનને સફળ બનાવ્યુ. તા. ૨૮ઃ૧૨ઃ૨૦૧૪ એ આપણા સમાજની મહિલાઓ માટેનો યાદગાર દિવસ મહિલા સંમેલન 'પ્રગતિપંથે નારી' વ્યારા મહિલા મંડળ તથા વ્યારા એકમના તમામ હોદ્દેદારો તેમજ નામી અનામી સર્વે કાર્યકર્તાઓના ખુબ ખુબ આભાર અને ગત વર્ષમાં બેસ્ટ મહિલામંડળના એવોર્ડનું વિતરણ - ૨૦૧૪ ની સ્પર્ધાના વિજેતા મહિલા મંડળ.

❖ **અ ગ્રૂપ (૧૦૦ થી વધુ ઘરો)**

પ્રથમ ક્રમાંક : ◆ પ્રગતિ મહિલા મંડળ, વ્યારા - રૂા. ૧૦૦૧ અને સર્ટિફિકેટ

દ્વિતિય ક્રમાંક : બે મહિલા મંડળને ફાળે જાય છે.
- ◆ ભગીની સમાજ રાજપીપળા - રૂા. ૭૫૧ - સર્ટિફિકેટ
- ◆ તેજસ્વીની મહિલામંડળ, બરોડા - રૂા. ૭૫૧ - સર્ટિફિકેટ

❖ **બ ગ્રૂપ (૧૦૦ થી ઓછા ઘરો)**

પ્રથમ ક્રમાંક : ◆ શ્રી પંચોલી મહિલા મંડળ, અંકલેશ્વર - રૂા. ૧૦૦૧ - સર્ટિફિકેટ

દ્વિતિય ક્રમાંક : ◆ શ્રી પંચોલી મહિલા મંડળ, બારડોલી - રૂા. ૭૫૧ - સર્ટિફિકેટ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ ધ્વારા વિવિધ એકમોનાં મહિલા મંડળની પ્રવૃતિ સારી રીતે થાય અને દરેક મહિલા મંડળ પ્રવૃત રહે એ માટે દર વર્ષે મહિલા મંડળને પ્રોત્સાહીત કરવામાં આવે છે. ઘણા એકમોમાં હજુ મહિલા મંડળની સ્થાપના થયેલ નથી, તેવા એકમમાં સત્વરે મહિલા મંડળની સ્થાપના થાય એ માટે વિનંતી કરવામાં આવે છે. આવો સૌ ભેગા મળી મહિલા મંડળને આગવી ઓળખ આપીએ, તો થઇ જાઓ તૈયાર ૨૦૧૫ની સ્પર્ધા માટે.

## વાયબ્રન્ટ મહિલા મંડળ સ્પર્ધા - ૨૦૧૫

અ-ગ્રૂપ : (૧૦૦થી વધુ ઘરો)     બ-ગ્રૂપ : (૧૦૦ થી ઓછા ઘરો)

**૧ માસિક પ્રવૃત્તિ (૬૦ પોઈન્ટ) :** નીચે જણાવેલી ૧૫ પ્રવૃત્તિ પૈકી ૧૨ પ્રવૃત્તિ કરનારને ૫ પોઈન્ટ પ્રમાણે ૬૦ પોઈન્ટ મળશે. વધુ પ્રવૃત્તિ કરનારને પણ ૬૦ પોઈન્ટ જ મળશે.. એક મિટિંગમાં બે થી વધુ પ્રવૃત્તિ કરનારને બે પ્રવૃત્તિના જ માર્કસ મળશે..

**માસ દરમ્યાન કરવાની પ્રવૃતિઓ :-**

(૧) વાનગી હરીફાઇ
(૨) ૭૫ વર્ષ પુર્ણ કરનાર મહિલા સભ્યનું સન્માન
(૩) નવયુગના અગત્યના ઉપયોગી પોઈન્ટ નું દરેક મીટીંગમાં વાંચન (પાંચ મિનિટ)
(૪) જુના ફિલ્મીગીત - કવીઝ
(૫) ડબ્બા પાર્ટી - સભ્ય સાથે - લોકલ પીકનીક
(૬) વૃધ્ધાશ્રમમાં જઇ પ્રવૃતિ
(૭) ભજન સ્પર્ધા
(૮) કપડાં વિતરણ
(૯) મધર / ચાઇલ્ડ કેર માર્ગદર્શન
(૧૦) દાંતની કાળજી અંગે માર્ગદર્શન-ચેક અપ
(૧૧) બ્લડ પ્રેશર - ડાયાબીટીસ ચેક અપ
(૧૨) એક દીવસીય પ્રવાસ
(૧૩) સામાન્ય જ્ઞાન સ્પધા-મહામંડળ/નવયુગ કવીઝ
(૧૪) વકૃત્વ સ્પર્ધા
(૧૫) વ્યસન મુકિત માટે સમાજના ભાઇ-બહેનોને સાથે રાખી કાર્યક્રમ

**૨. અન્ય પ્રવૃત્તિ : (૪૦ પોઈન્ટ)**

(૧) મહિલા બચત યોજના ચલાવવી.
(૨) સમાજ સુરક્ષા યોજનાના નવા સભ્ય બનાવવા
(૩) નવયુગ માટે જાહેરાત એકત્ર કરવી
(૪) સ્વર્ણિમ ફંડમાં દાન એકત્ર કરવું.
(૫) મહામંડળ સામાન્ય સભામાં પ્રમુખ-મંત્રીની હાજરી આપવી.
(૬) મહિલા મંડળની સભ્ય સંખ્યા વધારવી.
(૭) માસિક મિટિંગમાં હાજરી વધારવી
(૮) દરેક મિટિંગમાં બુકસ વાંચવા ઘરે આપવી-ફરતી લાયબ્રેરી

નવયુગ શુભચિંતક   શ્રી ગજેન્દ્રભાઈ વલ્લભભાઈ મપારા   વડોદરા   શ્રી કમલેશભાઈ મણીલાલ પંચોલી   વડોદરા

અન્ય પ્રવૃત્તિના પૉઇન્ટ દરેક મહિલા મંડળમાં કેટલા ઘરો છે તેની સંખ્યા ધ્યાનમાં રાખીને આપવામાં આવશે.

દાત. : ૧૨૦ ઘરો, ૨૦૦ ઘરો, ૩૫૦ ઘરો, હોય તેવા એકમો :- **'અ' ગ્રુપ**

દાત : ૬૦ ઘરો, ૩૦ ઘરો, ૧૫ ઘરો હોય તેવા એકમો :- **'બ' ગ્રુપ**

ઘરોની સંખ્યા માટે તે એકમમાં કેટલા નવયુગ જાય છે તેની સંખ્યા આધારિત રહેશે...

દરેક મહિલા મંડળને વિનંતી કે, સાથે આપેલ ફોર્મની ૨૪ ઝેરોક્ષ કઢાવી લેવી અને તેમાં દર મહિને માહિતી ભરી એક નવયુગમાં અને એક મહિલા સંગઠન અધ્યક્ષા આનંદીબેનને મોકલવાની રહેશે.

મનીષભાઇ એમ. પંચોલી - પ્રમુખ,
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

આનંદીબેન બી. પંચોલી - અધ્યક્ષા

મીરાબેન એમ. મીસ્ત્રી - કોર્ડિનેટર

મહિલા સંગઠન શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

## નારી શકિત



હું છું નારી - હું છું શકિત, હું છું સર્જનહાર
હું દુર્ગા છું, હું કાલિકા, હું છું તેજ કટાર
મારે નથી જરૂર પુરૂષ સમોવડી થવાની
હું છું પુરૂષોથી પણ શ્રેષ્ઠ
હું આપુ છું જન્મ ધરતી જેમ
એક નવા જીવને
કોઇ મને શો આપશે આશરો ?
ઇશ્વરે લેવો પડે છે મારો આશરો
અવતાર ધરવા આ ધરતી પર........ હું છું નારી
ના સમજશો કમજોર મને
હું સર્જી શકુ છું હાહાકાર
હું દ્રૌપદી છું વંશ નાશીકા કૌરવકુળની
છું હું સીતા, રાવણકુળ હણનારી,
હું છું રાણી લક્ષ્મીબાઇ
ભૂ પાનારી અંગ્રેજોને ........ હું છું નારી
હું પ્રિયદર્શીની ઇન્દિરા છુ.
સુકાની હું ભારતની
હું છું તેજ કિરણ(૨) પૂંજ છું પ્રકાશનો
સુધારા હું લાવી કેદીઓના જીવનમાં
હું છું કલ્પના(૨)
અવકાશમાં વિહરનારી
ના સમજશો મને અબળા કોમળ,
ના અવગણશો, ના કરશો તિરસ્કાર
હું સાપનો ભારો નથી, હું તુલસીનો કયારો પણ નથી.
હું છું નારી - હું છું શકિત, હું છું સર્જનહાર
હું દુર્ગા છું, હું કાલિકા, હું છું તેજ કટાર

**શોભાબેન કે. મિસ્ત્રી-બીલીમોરા**

## ગઝલ

પ્રેમનો પોકાર પડતો હોય છે,
ને હ્રદય પર વાર પડતો હોય છે.

તુ અદાઓથી રહે છે બે ખબર,
જાન પર અંગાર પડતો હોય છે.

હોઠ બોલે કે ન બોલે શું થયું ?
સાદ અનરાધાર પડતો હોય છે.

કયાં છબીની પણ જરૂરત હોય છે ?
યાદ થી આકાર પડતો હોય છે.

રાહ કયાં જોવી પડે છે રાતની ?
ઝુલ્ફનો અંધાર પડતો હોય છે.

ખેલ 'અક્ષર' પ્રીતનો સહેલો નથી,
હર ક્ષણે ચિત્કાર પડતો હોય છે.

**સુભાષ પંચોલી 'અક્ષર' - વડોદરા**



# વાયબ્રન્ટ મહિલા મંડળ સ્પર્ધા-૨૦૧૫
# ફોર્મ

- મહિલા મંડળનું નામ :- ..........................................................................................
- મીટીંગની તારીખ :- ..........................................................................................
- મીટીંગનું સ્થળ :- ..........................................................................................
- મહિલા મંડળની સભ્ય સંખ્યા :- ..........................................................................................
- હાજર રહેલ બહેનોની સભ્ય સંખ્યા :- ..........................................................................................
- મીટીંગમાં કરેલ કાર્યવાહી (અહેવાલ) :-..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

અલ્પાહાર : ..........................................................................................

- મીટીંગના દિવસ પછી કે પહેલા કોઈ પ્રવૃત્તિ કરી હોય તેની માહિતી. :-..........................................

..........................................................................................

- આગામી મીટીંગની જાણકારી :- તારીખ : ......................................

સ્થળ : ..........................................

પ્રમુખ/મંત્રીની સહી

આ ફોર્મની ૨૪ ઝેરોક્ષ કઢાવવી - ફોર્મની પાછળ ભેટની અથવા વધારાની વિગતો લખી શકશો...

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત અને
શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ-વ્યારા તથા શ્રી પ્રગતિ મહિલા મંડળ-વ્યારા
આયોજિત મહિલા સંમેલન

# " પ્રગતિ પંથે-નારી "

'યત્ર નારીયસ્તુ પૂજયન્તે, રમન્તે તત્ર દેવતા'

વંદનિય વડિલો, સખીઓ અને વ્હાલા બાળકો,

સૌ પ્રથમ તો 'પ્રગતિ પંથે નારી' સંમેલનમાં હાજર રહેનાર તમામ વ્યકિતઓનો અંતઃકરણપૂર્વક આભાર. આપસૌના સહકાર અને આશીર્વાદથી જ નારી સંમેલનને સફળ બનાવી શકયા છીએ.. ઉદાર હાથે આર્થિક યોગદાન આપનાર તમામ મહાનુભાવોના સહકારથી જ સંમેલનનું સુંદર આયોજન કરી શકયા...

'પ્રગતિ પંથે નારી' સંમેલનની તૈયારીઓ ચાલી રહી હતી ત્યારે જ વ્યારા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ ગીતાબેન ગાંધીના સાસુ ગં.સ્વ. જશુમતીબેન મોહનલાલ ગાંધી અક્ષરધામ વાસી થયા. વ્યારા સમાજના પ્રમુખશ્રી ભરતભાઇ, ઉપપ્રમુખશ્રી નવિનભાઇ, મંત્રીશ્રી હિતેશભાઇ, સહમંત્રી નવિનભાઇ, મહામંડળના પ્રમુખશ્રી મનિષભાઇ, મહિલા સંગઠનના અધ્યક્ષા શ્રીમતિ આનંદીબેન બધાના સહકારથી અને માર્ગદર્શનથી થોડી ખુશી થોડી ગમ સાથે સંમેલનની કાર્યવાહી ચાલુ રહી વ્યારા સમાજના હોદ્દેદારોનો શરૂઆતથી જ સાથ-સહકારથી મળ્યો હતો.

નારી સંમેલનની તારીખ નકકી થઇ ત્યારથી જ અમે નકકી કર્યુ કે આપણે સંમેલન કંઇક જુદુ જ કરવું છે. પરમકૃપાળુ પરમાત્માએ અમને જ્ઞાન અને પ્રેરણા આપીને સંમેલન સફળ બન્યું. તા. ૨૮.૧૨.૨૦૧૪ને રવિવારે અમારી આતુરતાનો અંત આવ્યો..

સવારે ૮ કલાકથી એક પછી એક એકમોની ધમાકેદાર એન્ટ્રી થઇ, આવનાર બહેનોનો ઉત્સાહ પણ અનેરો હતો. સુંદર ઇંદડા-ચટણી અને ચ્હા-કોફીના અલ્પાહાર બાદ સૌએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યુ..

સમારંભના પ્રમુખ, અતિથિવિશેષ, મહામંડળના હોદ્દેદારો, મહિલા સંગઠનના અધ્યક્ષા અને કો-ઓર્ડિનેટર, પ્રગતિ મહિલા મંડળના હોદ્દેદારો અને સ્વર યુથના પ્રમુખ-મંત્રીનુ સ્ટેજ પર સ્થાન આપવામાં આવ્યું. મંચ પર બિરાજેલ મહાનુભાવોનો ટુંકમાં પરિચય આપવામાં આવ્યો અને મહેમાનોનું સ્વાગત સ્મૃતિભેટ અને પુષ્પગુચ્છથી કરવામાં આવ્યું. ત્યારબાદ સ્ટેજપર બિરાજેલ મહાનુભાવો દ્વારા દિપપ્રાકટય કરી સંમેલનનું ઉદ્ઘાટન કર્યુ.

મહામંડળના પ્રમુખશ્રી મનિષભાઇ તથા ડૉ. મહેશભાઇએ બહેનોને 'સ્વર્ણિમ ફંડ'માં સહભાગી થવા માટે જાહેરાત કરી અને ઘણી બહેનો યથાશકિત સહભાગી બની..

મહામંડળ દ્વારા રાજયકક્ષાએ વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર હાસ્ય લેખિકા શ્રીમતિ પલ્લવીબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રી(અમદાવાદ) તથા તરણ સ્પર્ધામાં રાજયકક્ષાએ વિવિધ મેડલો મેળવનાર શ્રીમતિ રમીલાબેન બકુલભાઇ મિસ્ત્રી-નવસારીનું અનુક્રમે મનિષભાઇ તથા આનંદીબેને સાલ અને સન્માનપત્ર આપી વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું. આનંદીબેને જે એકમોમાં મહિલા મંડળ નથી ત્યાં મહિલા મંડળ સ્થાપવાની ટકોર કરી. એમણે આપેલ ગોલ પ્રમાણે વિશિષ્ટ કામગીરી કરનાર નીચે મુજબના મહિલા મંડળોએ વિશિષ્ટ કામગીરી કરવા બદલ સન્માન્યા હતા.

❖ અ ગ્રૂપ (૧૦૦ થી વધુ ઘરો) પ્રથમ ક્રમાંક : પ્રગતિ મહિલા મંડળ, વ્યારા - રૂા. ૧૦૦૧ અને સર્ટિફિકેટ, દ્વિતિય ક્રમાંક : બેમહિલા મંડળને ફાળે જાય છે. ૧. ભગીની સમાજ રાજપીપળા - રૂા. ૭૫૧ - સર્ટિફિકેટ, ૨. તેજસ્વીની મહિલામંડળ, બરોડા - રૂા. ૭૫૧ - સર્ટિફિકેટ

❖ બ ગ્રૂપ (૧૦૦ થી ઓછા ઘરો) પ્રથમ ક્રમાંક : શ્રી પંચોલી મહિલા મંડળ, અંકલેશ્વર - રૂા. ૧૦૦૧ - સર્ટિફિકેટ, દ્વિતિય ક્રમાંક : શ્રી પંચોલી મહિલા મંડળ, બારડોલી - રૂા. ૭૫૧ - સર્ટિફિકેટ

વ્યારા નગરપાલિકાના પ્રથમ મહિલા પ્રમુખ તરીકે ૧૦ વર્ષ સુધી સેવા આપનાર શ્રીમતિ દક્ષાબેન ગાંધી તથા મહિલા મંડળ વ્યારાના માજી પ્રમુખોનું સન્માન કરવામાં આવ્યું. પ્રગતિ મહિલા મંડળ તરફથી સંમેલનમાં આવનાર બહેનોને ડાયરી-પેનની સ્મૃતિભેટ આપી.. સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ માણી સૌએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યુ.

**પ્રગતિ પંથે નારી સંમેલનના આકર્ષણો :-**

પ્રાર્થના :- શ્રીમતિ કુસુમબેન, રીટાબેન, મિત્તલબેન, શ્વેતાબેનની સુંદર પ્રાર્થનાથી સંમેલનનો શુભારંભ કર્યો..

ગણેશવંદના :- સંમેલન નિવિઘ્ને પૂર્ણ થાય એ માટે વ્યારાની નાની બાળાઓએ ગણેશવંદના કરી.

'બેટી બચાવો' કૃતિ :- વ્યારા એકમ તરફથી રજુ કરી

મહિલા સશકિતકરણ :- ઓલ ઇન્ડિયા ક્રાઇમ રિકોમર્સ



ઓરગેનાઇઝેશન સંસ્થા દ્વારા બેહેનો પર પરિવારજનો તરફથી થતું શારીરિક, માનસિક શોષણ, બાળકોનું શોષણ તથા જાતીય સતામણી, વડિલો પર થતી અવગણનાઓ માટે વિવિધ માહિતીઓ તથા પી.એ.આઇ. સુરભીબેન ચૌધરીનું માર્ગદર્શન તથા બહેન દીકરીઓના સ્વરક્ષણ માટે કરાટે દાવનું ડેમોસ્ટ્રેશન આપ્યું હતું.

'જાગ્યા ત્યાંથી સવાર' :- રાજપીપલા ભગીની સમાજ દ્વારા સુંદર સંવાદ રજુ કરી પરિવારની એકતા અને અખંડીતતાનો સંદેશ આપ્યો.

વેરાયટી ગરબો :- વ્યારા એકમની સુંદર કૃતિ રજુ કરી.. જેમાં ૧૦ વર્ષથી ૭૦ વર્ષની વડિલ મહિલાએ ભાગ લીધો હતો...

પ્રગતિના પંથે નારી ? :- માનનીય ડૉ. દક્ષાબેન વ્યાસ દ્વારા મનનીય પ્રવચન કરી નારીની પરિસ્થિતિઓ અંગે વાકેફ કર્યા.

અંકલેશ્વર મહિલા મંડળ :- 'બેટી બચાવો અને નારી જાતિ પર થતા અત્યાચાર' થીમ પર સુંદર કૃતિ રજુ કરી. વડોદરા તેજસ્વીની મહિલા મંડળે મા-બાપને ભુલશો નહીં થીમ પર સુંદર અભિનય ગીત રજુ કર્યુ.

બારડોલી મહિલા મંડળ :- એકમે દેશભકિત ગીત રજુ કર્યુ. ડૉ. કલ્પનાબેન ચૌધરીએ ટીનએજ થી મૉનોપોઝ સુધીમાં આવતા પ્રોબ્લેમ અંગે સચોટ માર્ગદર્શન આપ્યું હતું. અને બહેનોને મુઝવતા પ્રશ્નોના સવિસ્તાર જવાબો આપી વિશેષ માહિતી આપી હતી.

બીલીમોરા મહિલા મંડળે હું નારી છું... કાવ્ય રજુ કરી નારી જાતીના વિવિધ રૂપોની યાદી અપાવી હતી. વ્યારા પ્રગતિ મહિલા મંડળે નારી પર થતા અત્યાચાર-આખીર કબ તક ? નો સંદેશો આપતી કૃતિ રજુ કરી... અંતમાં સૌ ભેગા મળી આપણું ગીત 'હમ પંચોલી હૈ' સૌ કાર્યકરોએ જૂમી જૂમીને ગાયું...

શૂન્યમાંથી સર્જ કરે તે નારી
રણને બાગ બનાવે તે નારી
દીકરા-માતા-પત્ની-બહેનની ભૂમિકામાં
કુટુંબને સંપૂર્ણ બનાવે તે નારી
દરેકના હૃદયમાં પહોંચતી
ઘરને સ્વર્ગ બનાવે તે નારી...

વિવિધ નારી શકિતની રજુઆત કરી 'પ્રગતિના પંથે નારી' મહિલા સંમેલનને સફળ બનાવ્યું..



મહામંડળે નારીશકિત ને બિરદાવવા, સમાજમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરે એ માટે તથા નારીમાં છુપાયેલી શકિતને બહાર લાવવા મહિલા સંમેલન યોજવાની અમોને તક આપી એ બદલ અમો મહામંડળના આભારી છીએ...

જે બહેનો આ કાર્યક્રમમાં કારણવસાત આવી નથી શકયા એમને વિનંતી કે ભવિષ્યમાં બહેનો માટે થતા આવા કાર્યક્રમમાં જરૂર હાજરી આપે.. વૉટસઅપ, પત્ર, ફોન દ્વારા સંદેશા આપનાના અમો આભારી છીએ.. મંત્રી શ્રીમતિ પારૂલબેન ની આભારવિધિ બાદ રાષ્ટ્રગીત ગાઇ સૌ છુટા પડયા.

પ્રગતિને પંથે નારી સંમેલનને મળેલું દાન

૨૧,૦૦૦ સ્વ. જસુમતીબેન મોહનલાલ ગાંધી પરિવાર-સમારંભ પ્રમુખ

અતિથિવિશેષ

૧૧,૦૦૦ પદમાબેન પ્રશાંતભાઇ ગાંધી પરિવાર-વ્યારા
૧૧,૦૦૦ સરસ્વતીબેન અરવિંદભાઇ પંચોલી-વ્યારા
૧૧,૦૦૦ જયોત્સનાબેન મહેન્દ્રભાઇ પંચોલી-વ્યારા
૧૧,૦૦૦ વિલાસબેન વિનોદભાઇ પંચોલી-વ્યારા
૧૧,૦૦૦ ગં.સ્વ. ધનગૌરીબેન રમણિકલાલ ગાંધી હસ્તે હેમંતભાઇ
૧૧,૦૦૦ ગં.સ્વ. શાંતાબેન અમૃતભાઇ પંચોલી-સુરત અસ્તે પૂર્ણિમાબેન કમલેશભાઇ ગજ્જર
૧૧,૦૦૦ સ્વ. ઉષાબેન હિમાંશુકુમાર ગજ્જર હસ્તે હિમાંશુકુમા અને અનંત ગજ્જર

ભોજન સ્પોન્સર

૫,૦૦૦ શારદાબેન ચંપકભાઇ પંચોલી પરિવાર-વ્યારા
૫,૦૦૦ જયાબેન અમૃતભાઇ પંચોલી-બર્થડે નિમિત્તે
૫,૦૦૦ પ્રીતિબેન કિરણભાઇ પંચોલી-મુંબઇ
૫,૦૦૦ હિનાબેન મુકેશભાઇ મિસ્ત્રી-અમેરિકા

ચ્હા-નાસ્તા સ્પોન્સર

૨,૫૦૦ પદમાબેન રામુભાઇ પંચોલી-વ્યારા
૨,૫૦૦ અંજલિબેન પરેશભાઇ પચ્ચીગર -વ્યારા
૨,૫૦૦ કુસુમબેન શાંતિલાલ પંચોલી -વ્યારા
૨,૫૦૦ જયાબેન ભરત ભાઇ પંચોલી
૨,૫૦૦ ગં.સ્વ. દમયંતિબેન નંદલાલ ગાંધી-વ્યારા
૨,૫૦૦ ગં.સ્વ. સુમિત્રાબેન મોહનલાલ પંચોલી
૨,૫૦૦ રંજનબેન નવિનભાઇ પંચોલી-વ્યારા

૨,૫૦૦ મીરાબેન મહેશભાઇ મિસ્ત્રી અંકલેશ્વર
૨,૫૦૦ ઇન્દિરાબેન અશોકભાઇ ગાંધી-વ્યારા
